# સેક્ટર-૨૪માં નિવૃત્ત એરફોર્સ જવાન દારૂ વેચતા પકડાયો

## ટાટા સર્કલથી એક્ટીવા પર દારૂ-બિયરની હેરાફેરી કરતા બે ઝડપાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર એલસીબી ટીમે બાતમીને આધારે વિદેશી દારૂની હેરાફેરી અને દારૂના વેચાણના બે



અલગ અલગ કેસ કર્યા છે. સે. ૨૪માં એરફોર્સમાંથી નિવૃત્ત થયેલા જવાનને દારૂ વેચતા અને ટાટા સર્કલ પાસેથી એક્ટીવા પર દારૂ-બિયરની હેરાફેરી કરતા બે શખ્સોને પકડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સે. ૨૧ પોલીસમથકમાં બંને ગુના દાખલ થવા પામ્યા છે.

સેક્ટર-૨૪ ખાતે રહેતા નિવૃત્ત એરફોર્સ જવાન સુરેન્દ્રસિંહ રીશલસિંહ જાટને તેના ઘરેથી એલસીબીની ટીમે દરોડો પાડી દારૂ વેચતા પકડી પાડ્યો છે. વિદેશી દારૂને પ્લાસ્ટીકની બોટલમાં ભરીને લુઝ પેકીંગમાં નિવૃત્ત જવાન વેચતો હતો. એલસીબીએ ૧૫ બોટલ જપ્ત કરી રૂ. ૪૪૫૦નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની ધરપકડ કરી લીધી છે. તો બીજી તરફ ટાટા સર્કલ પાસેથી એક્ટીવા નં. જીજે૧૮ સી.એ. ૫૮૦૩ લઈને કોલવડાથી ગાંધીનગરમાં દારૂ-બિયર લઈને આવતા બે શખ્સોને પકડી પાડવામાં આવ્યા છે.

કોલવડાના બુટલેગર જુગાજી બાબુજી ઠાકોર પાસેથી ૬ બોટલ વિદેશી દારૂની બોટલો અને ૧૨ બિયરના ટીન લઈને આવતા પ્રદીપ વખતસિંહ રાણા રહે. સે. ૨૬ ગ્રીનસીટી અને કોલવડાના મનજી નાથુજી વાઘેલા બંનેની રૂ. ૩૬૦૯ના દારૂ બિયર સાથે ધરપકડ કરી એલસીબીએ સે. ૨૧ પોલીસને સોંપ્યા છે. સે. ૨૧ પોલીસે બંને પ્રકરણમાં તપાસ શરૂ કરી છે.



## ગોકુલપુરા પાસે ખડચીતરાને ગ્રામજનો અજગર સમજ્યા

ગાંધીનગર ક-રોડ પરના ગોકુલપુરા ગામ પાસેની જંગલની ઝાડીઓમાં આજે કેટલાક પશુપાલકોએ એક ઝાડના થડ પાસે અજગર જેવો મોટો સાપ જોયો હતો. આ સાપના દેખાવ પરથી અજગર નીકળ્યો હોવાની વાત વાયુવેગે ફેલાઈ જતા ગ્રામજનોનું ટોળુ જમા થઈ ગયું હતુ. અંતે આ સાપ ખડચીતરો હોવાનુ નિષ્ણાંતો દ્વારા ઓળખ કરાઈ હતી. આ સાપ છેવટે જંગલની ઝાડીઓમાં અંદર ચાલ્યો ગયો હતો. (તસવીર : વિપુલ ચૌહાણ)

## સિન્ડીકેટ બેંકમાં પડતર પ્રશ્નોને લઈ મિટીંગ યોજાઈ

સેકટર-૧૬ સ્થિત સિન્ડીકેટ બેંકમાં ગ્રાહકોની દાદ ફરિયાદ, રજૂઆતો, રચનાત્મક સૂચનો માટે કસ્ટમર્સ મીટીંગ યોજાઈ હતી. ગાંધીનગર શહેર વસાહત મહામંડળે રજૂઆતો કર્યા પછી છેવટે કસ્ટમર્સ મીટીંગ થઈ હતી. વરિષ્ઠ નાગરિકો માટે જરુરી બેઠક વ્યવસ્થા, ગ્રાહકો માટે બેંકના નિયમો અનુસારની વાતાનુકુલીત વ્યવસ્થા, સમયાંતરે ગ્રાહકોના પ્રશ્નો માટે કસ્ટર્મસ મીટીંગનું આયોજન, બેંકની યોજનાઓ અંગેની વિગતે ઘેર બેઠા મળે તેવી વ્યવસ્થા, સેલ્ફ પ્રિન્ટીંગ મશીન, ગ્રાહક મિત્ર યોજના, એ.ટી. એમ. આસપાસ એકાંત હોઈ યોગ્ય રક્ષણની વ્યવસ્થા, બેંકના નેટવર્કને વધુ સક્ષમ બનાવવાની જરૂરત, ગ્રાહકોને નેટવર્કને કારણે થતી મુશ્કેલી દુર કરવા જેવા રચનાત્મક સૂચનો કર્યા હતા.





**નેશનલ સેમિનાર યોજાયો :** પ્રકાશના ઉપયોગો-શકયતાઓ અને પડકાર વિષય પર નિસર્ગ સાયન્સ સેન્ટર સે-૨૩ ખાતે નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં ગાંધીનગર જિલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિષયને અનુરૂપ વિવિધ પ્રોજેકટની માહિતી આપી હતી. સેમિનાર દરમિયાન ભારતના સ્વર્ગસ્થ મિસાઈલ મેન ડૉ. કલામ સાહેબને ભાવપૂર્ણ અંજલિ પાઠવી હતી. સેમિનારમાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વસંતભાઈ પટેલ, ડૉ. અનિલભાઈ પટેલ, નરેશભાઈ ઠાકર, હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

## પીટીસીમાં નવું સત્ર શરૂ થયુ હોવા છતાં પાઠ્યપુસ્તક નથી

અમદાવાદ, તા.૫

ચાલુ શૈક્ષણીક વર્ષથી પીટીસીમાં નવો અભ્યાસક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. જો કે નવુ શૈક્ષણીક વર્ષ શરૂ થઈ ગયું હોવા છતાં પીટીસીનાં અભ્યાસક્રમનાં પાઠ્યપુસ્તકો બજારમાં ઉપલબ્ધ બન્યા નથી. એટલુ જ નહી પાઠ્યપુસ્તકો ક્યારે બજારમાં ઉપલબ્ધ બનશે તેની પણ કોઈ જ માહિતી રાજય રાઠ્યપુસ્તક મંડળ પાસે પણ ઉપલબ્ધ નથી. જેનાં કારણે વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે.

# સાદરા પાસે નદીમાં ન્હાવા પડેલો યુવાન ડુબી ગયો

## ભાટ પાસે નદીમાં ન્હાવા પડેલા પાંચ મિત્રો પૈકી એક લાપત્તા : ડુબી ગયો હોવાની આશંકા : સાદરા અને ભાટ બન્ને સ્થળે શોધખોળ ચાલુ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર આસપાસ બે વિસ્તારમાં નદીમાં ન્વાહા પડ્યા બાદ યુવાનો ડુબ્યા હોવાના કિસ્સા બન્યા છે જે પૈકી ભાટ પાસેના કિસ્સામાં ન્વાહા પડેલો યુવાન ગાયબ થઈ ગયો છે તે ડુબ્યો હોવાની આશંકાને આધારે શોધખોળ ચાલી રહી છે. એક તરફ તરવૈયાઓની ટીમ અને ફાયરબ્રિગેડની ટીમ સાથે મળીને ચિલોડા પોલીસે તો બીજી તરફ ઈન્ફોસીટી પોલીસે યુવાનોની શોધખોળ આરંભી છે. મોડી સાંજ સુધી બન્નેની ભાળ મળી ન હતી..!

ગાંધીનગર-હિંમતનગર હાઈવે પર સ્થિત સાદરા ગામના જક્ષિણી માતાજીના મંદિર પાછળ સાબરમતી નદીમાં બે મિત્રો ન્હાવા પડ્યા હતા. બપોરે ૨૫ વર્ષિય મંગાજી મોહનજી ઠાકોર અને તેનો મિત્ર ન્હાવા પડ્યા તેટલામાં મંગાજીનો પગ લપસતા નદીના પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ચિલોડા પોલીસ, ફાયરબ્રિગેડ અને તરવૈયાની ટીમે મોડી સાંજ સુધી ડુબી ગયેલા મંગાજીની શોધખોળ કરી પરંતુ સગડ મળ્યા ન હતા. તો બીજી તરફ ગઈ મોડી સાંજે સરખેજના આઝાગદનગર વિસ્તારમાંથી ૨૪ વર્ષિય મહેન્દ્રભાઈ બાબુભાઈ શ્રીમાળી તથા તેના મિત્રો મળી પાંચેક મિત્રો ભાટ પાસે નદીમાં ન્હાવા પડ્યા હતા. મિત્રો ન્હાઈને બહાર નિકળ્યા ત્યાર બાદ ઘરે જતી વખતે મહેન્દ્ર સાથે ન હતો. મહેન્દ્ર ક્યાંક ગાયબ થઈ ગયો હતો. નદીમાં ડુબી ગયો હોવાની આશંકાને પગલે આજે આખો દિવસ તેની શોધખોળ કરી હતી પરંતુ ભાળ મળી ન હતી. ઈન્ફોસીટી પોલીસે ગુમ થયા અંગેની જાણવા જોગ લઈ તેમની શોધખોળ શરૂ કરી છે.

# દહેગામ તાલુકા સેવા સદન બન્યુ આરામ ગૃહ

દહેગામ તાલુકા સેવાસદન કચેરીના કંપાઉન્ડમાં બેસવા માટે મુકેલા બાંકડા પર દરરોજ અનેક લોકો આખો દિવસ બસ આરામ જ કરતા નજરે પડે છે ત્યારે દહેગામ મામલતદાર કચેરી સંકુલ સામાન્ય જનતા માટેનું આરામ ગૃહ બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. દહેગામ તાલુકા સેવાસદન કચેરી સંકુલમાં બહારથી આવતા અરજદારોને બેસવા માટે ઠેર ઠેર બાંકડા તંત્ર દ્વારા મુકવામાં આવ્યા છે. સેવા સદનમાં દરરોજ હજારોની સંખ્યામાં અરજદારો પોતાના કામકાજ અર્થે સંકુલમાં આવે છે જયાં કેટલાક લોકો આ બાંકડા પર બેસવાની જગ્યાએ પોતાના ઘરની જેમ બસ બાંકડા પર કલાકો સુધી મીઠી નિંદર માણતા નજરે પડે છે. આશ્ચર્યની વાત તો એ છે કે દરરોજ અડ્ડા જમાવી બાંકડાઓ પર કુંભકર્ણ જેમ પડયાને પાથર્યા રહેતા લોકો પર કોઈ અધિકારીની પણ નજર પડતી નથી. આમ દહેગામ તાલુકા સેવા સદન કચેરી લોકો માટે આરામ ગૃહ બની ગઈ છે તેવું સ્પષ્ટપણે આ તસ્વીરમાં દેખાય છે.



(અગરસિંહ ચૌહાણ)

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મહિલાઓના ખાસ મેડીકલ કેમ્પનો ૫ હજારથી વધુ બેહનોએ લાભ લીધો હતો. જેમાં ચામડી, ડાયાબીટીસના કેસો ઉપરાંત કેન્સરના શંકાસ્પદ કેસો મળી અવ્યા છે.

● ગાંધીનગર શહેર અને ગાંધીનગર પ્રાંતના ગરીબ કલ્યાણ મેળાઓ આગામી ૮મી ઓગષ્ટ યોજાવાના હોવાથી તંત્ર તેની તૈયારીમાં વ્યસ્ત બન્યું છે.

● ગાંધીનગર જિલ્લાના સાત પોલીસ ઈન્સ્પેક્ટરોને ડીવાયએસપી તરીકે બઢતી મળતાં સમગ્ર પોલીસ બેડામાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળતો હતો.

● ગાંધીનગર કલેક્ટર કચેરી, કોર્ટ કચેરી તેમજ એમ.એસ. બિલ્ડીંગની આસપાસ થતા વાહન પાર્કિંગની સમસ્યાને નિવારવા પે એન્ડ પાર્કની યોજના તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

● ગાંધીનગર એસ.ટી. ડેપોમાં રાત્રીના સમયે ઘોર અંધારૂ રહેતુ હોવાથી ત્યાં સોલાર લાઈટો મુકાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

● ગાંધીનગર જિલ્લાના ભાટ ગામમાંથી કોલેરાનો કેસ મળ્યો પરંતુ હદને લઈ તે ઝુંપડપટ્ટી અમદાવાદ શહેરનો વિસ્તાર હોવાથી અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

**રક્તદાન મહાદાન**





